જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૯/૧૧/૨૦૧૪ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૫૪/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી ૮૪ લીટર દેશી દારૂ, ૧૭૯ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૫૫/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૭૫૬/૧૪**

**ક્રાઇમબ્રાન્ચ :** અનીલકુમાર ધીરજલાલ સંઘવી (ઉવ.૪૯)(રહે.એકતા એવન્યુ બેરેજ રોડ, વાસણા) એ તા.૮/૧૧/૧૪ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૯/૨૦૧૪ થી તા.૨૩/૦૯/૨૦૧૪ ના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મુકેશભાઈ સંપટ સંપટ કેન્વાસીંગ એજન્ટનાં માલીક (રહે.ભીડભંજન શેરી, ૮ સટ્ટા બજાર પાસે, રાજકોટ) (૨) નવકાર ઈન્ડ્સ્ટ્રીઝ (ઓફિસ ૪૦૫, અનહિલ કોમ્પલેક્ષ જૈન ડેરીની પાસે, સ્વસ્તિક સોસા, નવરંગપુરા) (૩) સદરભાઈ લાઘાણી (રહે.નીલ કોમ્પલેક્ષ ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ) એ અનીલકુમારનાઓની આશ્રમ રોડ,પોપ્યુલર હાઉસમાં સાતમા માળે આવેલ એન.કે.પ્રોટીન્સ લી. કંપનીમાંથી દિવેલનો જથ્થો કુલ ૫૯૫ ટન કિમત રૂપિયા ૫,૩૩,૬૧,૮૮૭/- નો મેળવી લઇ, દિવેલ પેટે ચુકવવાના બાકિ નાણા કુલ રૂપિયા ૧,૮૯,૪૩,૬૬૨/- નહીં ચુકવી અનીલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.પી.કરેણ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૭૫૭/૧૪**

**ચાંદખેડા :** મુકેશકુમાર રામબાલક શ્રીવાસ્તવ (રહે.માધવ બંગ્લોઝ, મોટેરા ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૦/૧૪ રાતનાં ૧૦/૦૦ થી તા.૫/૧૧/૧૪ સવારનાં ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, ચાંદીના વાસણો, લેપટોપ, ઘડીયાળ તથા રોકડ રૂપિયા ૭૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૫૮/૧૪</u>**

**નરોડા :** નયનભાઇ અશોકભાઇ ભટ્ટ (રહે.એલ.આઇ.જી./૨, જી.આઇ.ડી.સી. નરોડા) એ તા.૮/૧૧/૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પંદર દિવસ પહેલા કોઇપણ સમયે નયનભાઇની નરોડા જી.આઇ.ડી.સી. રીલાયન્સ ડીઝીટલ લીમીટેડ નામની કંપનીમાં કામ કરતાં આરોપી (૧) સુરસિંગ ઉર્ફે સુરેશ ખુમાનસિંહ ચૌહાણ (૨) શૈલેશકુમાર મહેન્દ્રસિંહ ચૌહાણ (બંને રહે.દાનાભાઇના પરા, હરસોલી ગામ તા.દહેગામ જી.ગાંધીનગર) એ ભેગામળી કંપનીમાંથી ત્રણ લેપટોપ કિંમત રૂપિયા ૯૫,૫૭૧/- અને ત્રણ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૯,૧૯૯/- મળી કુલ રૂપિયા ૧,૧૪,૭૭૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**<u>નદીમાં પડી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૫૯/૧૪</u>**

**એલીસબ્રીજ :** મોહસીન બદરૂદ્દીન શેખ (ઉ.વ.૯) તા.૦૮/૧૧/૨૦૧૪ બપોરના ૩/૩૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે ફુલબજાર રીવરફ્રન્ટ ખાતે સપ્તરૂષીના આરા પાસે સાબરમતી નદીમાં આકસ્મીક રીતે પડી જતાં તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.સોલંકી ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૬૦/૧૪</u>**

**નરોડા :** આરતીબહેન કલ્લુભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૪)(રહે.ચીત્રકુટ આવાસ યોજના, મનોહરવીલા પાસે, નવા નરોડા) એ તા.૦૮/૧૧/૨૦૧૪ સવારના ૮/૪૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે કોઇ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “જી” ડીવીઝન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.